Education

E-ISSN No : 2581-6195 | Volume : 06 | Issue : 06 | Nov-Dec 2023

# સાક્ષરતા દરનો તુલનાત્મક અભ્યાસ પંચમહાલ અને ગુજરાતના સંદર્ભમાં

પૃથ્વીરાજસિંહ ડી. મહીડા[1], ડો. અશોક બી. ત્રિવેદી[2]

**ABSTRACT**

કોઈપણ વ્યક્તિ સમાજ કે રાષ્ટ્ર ની પ્રગતિ અને આબાદી શિક્ષણ નીર્ભિત છે તેમજ શિક્ષણ દ્વારા માનવી અને પર્યાવરણ વચ્ચેના સંબંધો સુધારવાની, વધુ સુંદર બનાવવાની, પરસ્પર અનુકૂલન સાધવાની મૂલ્યવાન ભૂમિકા ભજવવામાં આવે છે શિક્ષણ દ્વારા વ્યક્તિત્વ વિકાસ, ચારિત્ર્ય ઘડતર, પ્રતિભા કૌશલ્ય વિકાસ, જીવન નિર્માણ, શારીરિક- ભૌતિક -માનસિક વિકાસ માટે ભૂમિકા પૂરી પાડવામાં આવે છે. આ સંદર્ભમાં શિક્ષણ અને સાક્ષરતાનું સવિશેષ મહત્વ રહેલું છે. પ્રસ્તુત સંશોધન નો અભ્યાસ દ્વારા પંચમહાલ જિલ્લા અને ગુજરાત રાજ્યના સાક્ષરતા દર(૨૦૦૧ થી ૨૦૧૧) તેમજ ગ્રામીણ વિસ્તાર અને શહેરી વિસ્તારમાં સાક્ષરતા દર, અનુસૂચિત જાતિ અને અનુસૂચીત જનજાતિ નો સાક્ષરતા દર વગેરેની તુલનાત્મક અભ્યાસ ની ઝાંખી રજૂ કરવાનો છે

**KEYWORDS:** સાક્ષરતા દર, સ્ત્રી સાક્ષરતા દર, પુરુષ સાક્ષરતા દર, પંચમહાલનો સાક્ષરતા દર, અનુસૂચીત જાતિ સાક્ષરતા દર, અનુસૂચીત જનજાતી સાક્ષરતા દર.

[1]પીએચ.ડી રિસર્ચ સ્કૉલર શ્રી ગોવિંદગુરૂ યુનિવર્સિટી, ગોધરા, પંચમહાલ
[2]આસિસ્ટન્ટ પ્રોફેસર, અર્થશાસ્ત્ર વિભાગ, શ્રી બી.કે.પટેલ આર્ટસ & શ્રીમતી એલ એમ.પટેલ કોમર્સ કોલેજ, સાવલી, વડોદરા.

***HOW TO CITE THIS ARTICLE:***
પૃથ્વીરાજસિંહ ડી. મહીડા, ડો. અશોક બી. ત્રિવેદી (2023). સાક્ષરતા દરનો તુલનાત્મક અભ્યાસ પંચમહાલ અને ગુજરાતના સંદર્ભમાં, International Educational Journal of Science and Engineering (IEJSE), Vol:6, Issue:6, 22-25

## પ્રસ્તાવના:

૧લી મે ૧૯૬૦ના રોજ પંચમહાલ જિલ્લાની સ્થાપના થઇ હતી પંચમહાલ જિલ્લો ગુજરાત રાજ્યના પૂર્વ ભાગમાં સ્થિત છે તેનું અક્ષાંસ ૨૪. ૭,. ૨૩.૨૬ N છે અને રેખાંશ ૭૩ ૨૦ E, ૭૪ ૨E વચ્ચે છે પંચમહાલ જિલ્લાની ઉત્તરથી દક્ષિણ ની ગતિ ૧૨૮.૭ કિમી અને પૂર્વ થી પશ્ચિમ તરફ ૬૮.૧ કિ. મી છે પંચમહાલ જિલ્લાના પૂર્વમાં દાહોદ જિલ્લો પશ્ચિમ આણંદ અને ખેડા જિલ્લો જોડાયેલો છે ઉત્તરમાં સાબરકાંઠા અને દક્ષિણમાં છોટાઉદેપુર અને વડોદરા જિલ્લો આવેલો છે. પંચમહાલ જિલ્લામાં ૫૯૫ ગામડાઓ અને સાત તાલુકાઓનો સમાવેશ થાય છે. જેમાં ગોધરા, હાલોલ કાલોલ, મોરવાહડપ, જાંબુઘોડા, અને ઘોઘંબા નો સમાવેશ થાય છે. પંચમહાલ જીલ્લામાં સાત તાલુકા પંચાયત, ૪૮૦ ગ્રામ પંચાયત, ૦૪ મ્યુન્સીપાર્ટી(નગર પાલિકા)ઓ ધરાવે છે.

ભારતની વસ્તી ગણતરી - ૨૦૧૧ અનુસાર પંચમહાલ જિલ્લાનો ભૌગોલિક વિસ્તારની દ્રષ્ટિએ ગુજરાતમાં ૧૫ મો ક્રમ ધરાવે છે વર્ષ ૨૦૧૧માં પંચમહાલ જિલ્લામાં ૧૧ તાલુકા અને ૧૨૧૨ ગામડાઓનો સમાવેશ થતો હતો તેની કુલ જનસંખ્યા ૧૪,૪૦,૮૦૫ હતી. જાતિ પ્રમાણ ૧૦૦૦ પુરુષોએ સ્ત્રીઓની સંખ્યા ૯૩૨ હતી. પંચમહાલ જિલ્લાની વસ્તી ઘનતા દર ચોરસ કિમી.ના ૪૫૭ વ્યક્તિઓ છે. પંચમહાલ જીલ્લામાં સાક્ષારતા દર ૭૨.૩૨% છે જેમાં પુરુસ સાક્ષરતા દર ૮૪.૦૭% અને સ્ત્રી સાક્ષારતા દર ૫૯.૯૫% છે.

માનવ વિકાસની પ્રક્રિયાના કેન્દ્રમાં શિક્ષણ અને જ્ઞાન ઉપયોગી છે તેનાથી માનવની કુશળતા અને ક્ષમતાઓ નો વધારો કરી શકાય છે તેથી શિક્ષણ અને સાક્ષરતાના દરમાં સુધારો કરવા પર ભાર મૂકવામાં આવ્યો છે.

પ્રસ્તુત અભ્યાસ પંચમહાલ જિલ્લા અને ગુજરાત રાજ્યના સાક્ષરતા દરનો સ્ત્રી-પુરુષોના, ગ્રામીણ અને શહેરી વિસ્તારના તેમજ અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના સંદર્ભમાં તુલનાત્મક અભ્યાસ હાથ ધરવામાં આવ્યો છે.

### પંચમહાલ જિલ્લામાં શિક્ષણની સ્થિતિ:

સાક્ષરતાનો દર ૨૦૦૧ થી ૨૦૧૧ દરમિયાન નોંધપાત્ર રીતે વધી રહ્યો છે પુરુષોના સાક્ષરતા દર કરતાં સ્ત્રીઓનો સાક્ષરતા દર ઓછો છે પરંતુ પુરુષોની તુલનામાં સ્ત્રીઓમાં સાક્ષરતાના દરમાં ઉત્તરોત્તર મોટો

Research Paper

Copyright© 2023, IEJSE. This open-access article is published under the terms of the Creative Commons Attribution-NonCommercial 4.0 International License which permits Share (copy and redistribute the material in any medium or format) and Adapt (remix, transform, and build upon the material) under the Attribution-NonCommercial terms.

સુધારો થતો જોવા મળે છે ગુજરાત રાજ્યના એકંદર શહેરી વિસ્તારના સાક્ષરતા દર કરતા પંચમહાલ જિલ્લાનો સાક્ષરતા દર વધુ છે પંચમહાલ જિલ્લામાં ૨૦૦૧ થી ૨૦૧૧ દરમિયાન પ્રાથમિક શાળાની સંખ્યા માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાની સંખ્યા માં ખૂબ જ ઓછી છે શિક્ષક ગુણોત્તરમાં નોંધણી સારી છે શહેરી વિસ્તારની તુલનામાં ગ્રામ્ય વિસ્તારમાં વિદ્યાર્થીઓની સંખ્યા ઓછી જોવા મળે છે

**પંચમહાલ અને ગુજરાતનો સાક્ષરતા દરનો તુલનાત્મક અભ્યાસ :**

પંચમહાલ જિલ્લામાં સાક્ષરતા વધારવા થયેલા પ્રયત્નો દ્વારા સાક્ષરતાના દરમાં નોંધપાત્ર વધારો ૨૦૦૧થી ૨૦૧૧ના પંચમહાલ ડીસ્ટ્રીક ડેવલપમેન્ટ રિપોર્ટનો અભ્યાસ કરવાથી જાણવા મળે છે જે નીચે પ્રમાણે છે

પંચમહાલ જીલ્લામાં સાક્ષરતા દર

| શિક્ષણ | પંચમહાલ જિલ્લો | | ગુજરાત રાજ્ય | |
|---|---|---|---|---|
| | ૨૦૦૧ | ૨૦૧૧ | ૨૦૦૧ | ૨૦૧૧ |
| સાક્ષરતા દર (%) | ૬૦.૯૨ | ૭૦.૯૯ | ૬૯.૧૪ | ૭૮.03 |
| પુરુષ સાક્ષરતા(%) | ૭૫.૯૧ | ૮૨.૫૧ | ૭૯.૬૬ | ૮૫.૭૫ |
| સ્ત્રી સાક્ષરતા(%) | ૪૪.૯૪ | ૫૮.૮૯ | ૫૭.૮૦ | ૬૯.૬૮ |
| **તફાવત (પુરુષ/સ્ત્રી)** | **30.૯૭** | **૨૩.૬૨** | **૨૧.૮૬** | **૧૬.૦૭** |
| સાક્ષરતા આંકડામાં | ૧૦,૨૫,૮૩૫ | ૧૪,૪૦,૮૦૫ | ૨,૯૮,૨૭,૭૫૦ | ૪,૧૦,૯૩,૩૫૮ |
| પુરુષ સાક્ષરતા આંકડામાં | ૬,૫૯,૩૪૬ | ૮,૫૮,૦૫૪ | ૧,૭૮,૩૩,૨૭૩ | ૨,૩૪,૭૪,૮૭૩ |
| સ્ત્રી સાક્ષરતા આંકડામાં | ૩,૬૬,૪૮૯ | ૫,૮૫,૭૫૧ | ૧,૧૯,૯૪,૪૭૭ | ૧,૭૬,૧૮,૪૮૫ |

(પ્રાપ્તિ સ્થાન: રજીસ્ટ્રાર જનરલ ઓફ ઈન્ડિયા)

- ઉપરોક્ત કોષ્ટકમાં જોઈ શકાય છે કે પંચમહાલ જિલ્લામાં વર્ષ ૨૦૦૧માં કુલ સાક્ષર સંખ્યા ૧૦,૨૫,૮૩૫ જોવા મળે છે તેનો સાક્ષરતા દર ૬૦.૯૨% છે જેની તુલનામાં ગુજરાત રાજ્યમાં કુલ સાક્ષરતા સંખ્યા ૨,૯૮,૨૭,૭૫૦ જોવા મળે છે તેની સાક્ષરતા દર ૬૯.૧૪% છે. આમ પંચમહાલ અને ગુજરાતની સાક્ષરતા દર તુલનામાં ગુજરાત નો સાક્ષરતા દર પંચમહાલ કરતાં ૮.૨૨% વધારે છે.
- પંચમહાલ જિલ્લાની ૨૦૧૧માં સાક્ષર સંખ્યા ૧૪,૪૦,૮૦૫ જોવા મળે છે તેનું સાક્ષરતા દર ૭૦.૯૯% જોવા મળે છે જેની તુલનામાં ગુજરાત રાજ્યનો ૨૦૧૧ની કુલ સાક્ષરતા સંખ્યા ૪,૧૦,૯૩,૩૫૮ ના ધોરણે સાક્ષરતા દર ૭૮.03% જોવા મળે છે બંનેની તુલનામાં ગુજરાત રાજ્યનો ૨૦૧૧ નો સાક્ષરતા દર પંચમહાલ જિલ્લા કરતા ૭. ૪% વધુ જોવા મળે છે.
- પંચમહાલ જિલ્લામાં પુરુષ સાક્ષરતા દર ૨૦૦૧ની સાક્ષર પુરુષ સંખ્યા ૬,૫૯,૩૪૬ ના ધોરણે ૭૫.૯૧% છે તેની તુલનામાં ગુજરાત રાજ્યમા સાક્ષર પુરુષ સંખ્યા ૧૭,૮૩૩,૨૭૩ ના ધોરણે તેની પુરુષ સાક્ષરતા દર ૭૯.૬૬% જોવા મળે છે. આમ બંનેની તુલનામાં ગુજરાત રાજ્યનો પુરુષ સાક્ષરતા દર ૩.૨૪% વધારે જોવા મળે છે તેવી જ રીતે પંચમહાલ જિલ્લા ૨૦૧૧નો પુરુષ સાક્ષર સંખ્યા ૮,૫૮,૦૫૪ ના ધોરણે ૮૨.૫૧% જોવા મળે છે તેની તુલનામાં ગુજરાત રાજ્યના ૨૦૧૧માં સાક્ષર પુરુષ સંખ્યા ૨,૩૪,૭૪,૮૭૩ ના ધોરણે ૮૫.૭૫% જોવા મળે છે બંનેની તુલનામાં ૩. ૨% ગુજરાત રાજ્યનો પુરુષ સાક્ષરતા દર વધુ જોવા મળે છે.
- સ્ત્રી સાક્ષરતા દર ૨૦૦૧માં પંચમહાલ જિલ્લામાં સાક્ષર સ્ત્રીઓની સંખ્યા ૩, ૬૬, ૪૮૯ ના ધોરણે ૪૪. ૯૪ સ્ત્રીસાક્ષરતા દર જોવા મળે છે તેની તુલનામાં ગુજરાત રાજ્યમાં સાક્ષર સ્ત્રીઓની સંખ્યા ૧,૧૯,૯૪,૪૭૭ ના ધોરણે ૫૭.૮૦% જોવા મળે છે બંનેની તુલનામાં ગુજરાત રાજ્યનો ૨૦૦૧ નો સ્ત્રી સાક્ષરતા દર ૧૨.૮૬% વધારે જોવા મળે છે સ્ત્રી સાક્ષરતા દર ૨૦૧૧માં પંચમહાલ જિલ્લામાં ૨૦૧૧ની સાક્ષર સ્ત્રીઓની સંખ્યા ૫,૮૫,૭૫૧ ના ધોરણે સ્ત્રી સાક્ષરતા દર ૫૮.૮૯% જોવા મળે છે જ્યારે ગુજરાત રાજ્યમાં ૨૦૧૧ની સાક્ષર સ્ત્રીઓની સંખ્યા ૨,૩૪,૭૪,૮૭૩ ના ધોરણે સ્ત્રી સાક્ષરતા દર ૬૯.૬૮% જોવા મળે છે આમ બંનેની તુલનામાં ગુજરાત રાજ્યનો સ્ત્રી સાક્ષરતા દર ૧૦.૨૯% વધારે જોવા મળે છે.

**પંચમહાલ અને ગુજરાતનો ગ્રામીણ અને શહેરી વિસ્તારોનો સાક્ષરતા દરનો તુલનાત્મક અભ્યાસ:**

ગ્રામીણ અને શહેરી સાક્ષરતા દર ૨૦૧૧

| રાજ્ય/જિલ્લો | સાક્ષરતા દર (ટકામાંt) | | | |
|---|---|---|---|---|
| | ગ્રામીણ | શહેરી | કુલ | તફાવત |
| ગુજરાત | ૭૧.૭૧ | ૮૬.૩૧ | ૭૮.03 | ૧૪.૬૦ |
| પંચમહાલ | ૬૮.૩૬ | ૮૬.૬૫ | ૭૦.૯૯ | ૧૮.૨૯ |

(પ્રાપ્તિ સ્થાન: રજીસ્ટ્રાર જનરલ ઓફ ઈન્ડિયા)

- ઉપરોક્ત કોષ્ટક નો અભ્યાસ કરતાં જણાય છે કે ગુજરાતનો ગ્રામીણ અને શહેરી સાક્ષરતા દર ૭૮.03% છે જ્યારે પંચમહાલનો સાક્ષરતા દર ૭૦.૯૯% છે બંનેની તુલનામાં ગુજરાત નો સાક્ષરતા દર ૭.0૪% પંચમહાલ કરતાં વધારે છે તેમજ ગુજરાતનો ગ્રામીણ સાક્ષરતા દર ૭૧.૭૧% છે જે પંચમહાલના ૬૮.૩૬% કરતા ૩.૩૫% વધારે છે.
- ગુજરાતના શહેરી સાક્ષરતા દર ૮૬.૩૧% છે જ્યારે પંચમહાલ નો ૮૬.૬૫% છે જેમાં પંચમહાલ જિલ્લાનું શહેરની સાક્ષરતા દર 0.૩૪% ગુજરાત કરતાં વધારે છે જે સારી બાબત છે.

આમ, પંચમહાલ જિલ્લામાં શહેરની સાક્ષરતા દર રાજ્ય ની સરેરાશ કરતાં વધારે છે પરંતુ ગ્રામ્ય વિસ્તારોમાં રાજ્યમાં ગ્રામીણ સાક્ષરતાની તુલનામાં ખૂબ જ ઓછો છે તેના દ્વારા સ્પષ્ટ ખ્યાલ આવે છે કે પંચમહાલ જિલ્લાના વિસ્તારોમાં ગ્રામીણ વિસ્તારોમાં સાક્ષરતા દર સુધારણા માટે વધુ અને આવશ્યક પગલાં ભરવાની ખૂબ જ જરૂરિયાત છે.

**પંચમહાલ અને ગુજરાતનો અનુસૂચીત જાતિ અને જનજાતીનો સાક્ષરતા દરનો તુલનાત્મક અભ્યાસ :**

નીચેના કોષ્ટક માં પંચમહાલ જિલ્લામાં એસસી અને એસટી જાતિના સાક્ષરતા દર લગતી માહિતી  ૨૦૦૧થી ૨૦૧૧ ના સંદર્ભ માં દર્શાવેલ છે.

**અનુસૂચિત જાતિ અને અનુસુચિત જનજાતિનો સાક્ષરતા દર**

| રાજ્ય/જિલ્લો | અનુસૂચિત જાતિ સાક્ષરતા દર (કુલ) | | અનુસુચિત જનજાતિ સાક્ષરતા દર (કુલ) | |
|---|---|---|---|---|
| | ૨૦૦૧ | ૨૦૧૧ | ૨૦૦૧ | ૨૦૧૧ |
| ગુજરાત | ૭૦.૫૦ | ૭૯.૧૮ | ૪૭.૭૪ | ૬૨.૪૮ |
| પંચમહાલ | ૬૮.૨૨ | ૭૭.૧૪ | ૪૪.૧૩ | ૫૯.૦૯ |

(પ્રાપ્તિ સ્થાન: રજીસ્ટ્રાર જનરલ ઓફ ઈન્ડિયા)

- ઉપરોક્ત કોષ્ટકમાં ૨૦૦૧માં એસ સી જાતિનો ગુજરાત નો સાક્ષરતા દર ૭૦.૫૦% ની તુલનામાં પંચમહાલ જીલ્લાનો  એસ સી  જાતિના સાક્ષરતા દર ૬૮.૨૨% છે બંને ની તુલનામાં ગુજરાતનો એસ સી જાતિનો સાક્ષરતા દર ૨.૨૮% વધારે છે.
- ૨૦૧૧માં પંચમહાલ જીલ્લા ના એસસી જાતિના સાક્ષરતા દર કરતા ગુજરાતનો એસ સી જાતિનો સાક્ષરતા દર ૨.૪% વધારે જોવા મળે છે.
- ગુજરાતનો એસટી જાતિનો સાક્ષરતા દર ૨૦૦૧માં ૪૭.૭૪% હતો જ્યારે તેની તુલનામાં પંચમહાલનો એસટી જાતિનો સાક્ષરતા દર ૪૪.૧૩% હતો જેમાં ગુજરાતનો એસટી સાક્ષરતા દર ૩. ૬૧% વધારે છે.
- ૨૦૧૧માં પણ પંચમહાલ જિલ્લા કરતા ગુજરાતનો એસટી સાક્ષરતા દર ૩. ૩૯% વધારે જોવા મળે છે આમ, ૨૦૦૧ની તુલનામાં ૨૦૧૧માં પંચમહાલ જિલ્લાનું એસ ટી જાતિ નું સાક્ષરતા દર વધતો જોવા મળે છે.

પંચમહાલ જીલ્લાનો  એસ સી અને એસટીનું ૨૦૦૧  થી ૨૦૧૧ નો તુલનાત્મક અભ્યાસ કરતા જાણી શકાય છે કે ૨૦૦૧માં એસી જાતિ નો સાક્ષરતા દર ૬૮.૨૨% અને એસટી જાતિનો ૨૦૦૧ નો સાક્ષરતા દર ૪૪.૧૩ % છે અને જાતિ ની તુલના કરતા જોઈ શકાય છે કે એસી જાતિ કરતા એસ. ટી જાતિનો ૨૦૦૧ નો સાક્ષરતા દર ૨૪. ૯% નીચો જોવા મળે છે તેમજ ૨૦૧૧માં પણ એસી નું સાક્ષરતા દર ૭૭.૧૪% અને એસ. ટી. નો ૫૯.૯% છે તેમાં પણ બંનેની તુલના કરતા જોઈ શકાય છે કે એસી જાતિ  કરતા એસ ટી જાતિ નો સાક્ષરતા દર ૧૮.૫% નીચો જોવા મળે છે. આ અંતર ૨૦૦૧ કરતા ૨૦૧૧માં ૬.૪% ઘટાડો થતો જોવા મળે છે છતાં પણ આ અંતર વધુ જોઈ શકાય છે

આમ જોઈ શકાય છે કે પંચમહાલ જીલ્લાનો  એસ સી જાતિ અને એસટી જાતિના સાક્ષરતા દર  બતાવે છે કે ગુજરાતના એસ સી જાતિના અને એસટી જાતિના સાક્ષરતા દરની તુલનામાં પંચમહાલ નો સાક્ષરતા દર પાછળ નથી ગુજરાત અને પંચમહાલના એસ સી અને એસટી જાતિના સાક્ષરતાના દરમાં વધારે અંતર જોવા મળતું નથી.

**નિષ્કર્ષ:**

શિક્ષણનો ઉદ્દેશ્ય મનુષ્યને તેની કુશળતા અને ક્ષમતામાં વધારો કરવા માટે મદદરૂપ બનવાનો હોય છે માનવ વિકાસ માટે શિક્ષણ ખૂબ જ જરૂરી છે માટે પંચમહાલ જિલ્લાનો અને ગુજરાત રાજ્યના સાક્ષરતા દર નો તુલનાત્મક અભ્યાસ કરવામાં આવ્યો છે.

- ૨૦૦૧માં પંચમહાલ જિલ્લા કરતા ગુજરાત રાજ્યનો સાક્ષરતા દરમાં ૮. ૨૨% વધારો જોવા મળે છે તેવી જ રીતે ૨૦૧૧માં પણ પંચમહાલ જિલ્લા કરતા ગુજરાત રાજ્ય નો સાક્ષરતા દર ૭. ૪% વધારે જોવા મળે છે પરંતુ ફક્ત પંચમહાલ જિલ્લાની વાત કરીએ તો  ૨૦૦૧ થી ૨૦૧૧ દરમિયાન પંચમહાલ જિલ્લાનો સાક્ષરતા દરમાં ૧૦. ૭% નો વધારો થયેલો જોવા મળે છે.
- ૨૦૦૧માં પંચમહાલ જિલ્લાના પુરુષ સાક્ષરતા દર કરતાં ગુજરાત રાજ્યનો ૨૦૦૧ નો પુરુષ સાક્ષરતા દર ૩. ૭૫% વધારે જોવા મળે છે. તેવી જ રીતે ૨૦૧૧માં પણ પંચમહાલ જિલ્લા કરતા ગુજરાત રાજ્યનો પુરુષ સાક્ષરતા દર ૩. ૨૪% વધારે જોવા મળે છે.
- ૨૦૦૧માં સ્ત્રી સાક્ષરતા દરમાં પંચમહાલ જિલ્લા કરતા ગુજરાત રાજ્યનો સ્ત્રી સાક્ષરતા દર ૨૦૦૧માં ૧૨. ૮૬% વધારે જોવા મળે છે તેવી જ રીતે ૨૦૧૧માં પણ સ્ત્રી સાક્ષરતા દરમાં પંચમહાલ જિલ્લા કરતા ગુજરાત રાજ્યનો સ્ત્રી સાક્ષરતા દર ૧૦.૭૯% વધારે જોવા મળે છે. આમ ૨૦૦૧ થી ૨૦૧૧ દરમિયાન ફક્ત પંચમહાલ જિલ્લામાં સ્ત્રીઓનો સાક્ષરતા દર પુરુષોના સાક્ષરતા દર કરતાં વધુ જોવા મળે છે.
- પંચમહાલ જિલ્લામાં ગ્રામીણ વિસ્તારો અને શહેરી વિસ્તારોના સાક્ષરતા દરમાં વધુ પ્રમાણમાં અસમાનતા જોવા મળે છે. પંચમહાલ જિલ્લા નો ૨૦૧૧નો  શહેરી વિસ્તારોનો સાક્ષરતા દર ગુજરાત રાજ્યના શહેરી વિસ્તારોના સાક્ષરતા દર કરતા ૦. ૩૪ % નો વધારો જોવા મળે છે પરંતુ તેની સામે પંચમહાલ જિલ્લાનો ગ્રામીણ વિસ્તારોમાં ૨૦૧૧ની સાક્ષરતા દરની તુલનામાં ગુજરાત રાજ્યનો ૨૦૧૧નો ગ્રામીણ સાક્ષરતા ૭. ૪% વધારે જોવા મળે છે આમ ફક્ત પંચમહાલ જિલ્લાની વાત કરીએ તો તેના ગ્રામીણ વિસ્તારોમાં સાક્ષરતા દર વધારવા માટે યોગ્ય પગલાં ભરવા જરૂરી છે.
- પંચમહાલ જિલ્લા અને ગુજરાત રાજ્યના અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિની તુલનામાં ૨૦૦૧માં પંચમહાલ જિલ્લાના અનુસૂચિત જાતિની તુલનામાં ગુજરાતનો અનુસૂચિત જાતિ દર ૨૦૦૧ માં ૨.૨૮% વધુ જોવા મળે છે આ પ્રમાણમાં ૨૦૧૧માં પણ ગુજરાતનો અનુસૂચિત જાતિનો સાક્ષરતા દર ૨. ૪% વધુ જોવા મળે છે તેવી જ રીતે ૨૦૦૧માં પંચમહાલ જિલ્લાના અનુસૂચિત જનજાતિના સાક્ષરતા દર કરતાં ગુજરાતનો

અનુસૂચિત જનજાતિનું ૨૦૦૧ નો સાક્ષરતા દર ૩.૬૧% જોવા મળે છે તેવી જ રીતે ૨૦૧૧માં પણ આ દર ૩.૩૯% વધારે જોવા મળે છે.

પંચમહાલ જિલ્લાની સંદર્ભમાં જોઈએ તો પંચમહાલ જિલ્લામાં પણ એસટી જાતિનો ૨૦૦૧ નો સાક્ષરતા દર એસી જાતિ કરતા ૨૪. ૯ નીચો જોવા મળે છે તેવી જ રીતે ૨૦૧૧માં પણ એસ ટી જાતિ નો સાક્ષરતા દર એસ. એસ. સી જાતિ કરતા ૧૮. ૫ નીચો જોવા મળે છે આમ ફક્ત પંચમહાલ જિલ્લાના સંદર્ભમાં એસટી જાતિના સાક્ષરતા દરમાં વધારો કરવા માટે યોગ્ય પગલાં ભરવા જરૂરી છે તેમજ એસી જાતિ અને એસટી જાતિની આ અસમાનતાના કારણો જાણી તેને દૂર કરવા માટે પ્રયત્નો હાથ ધરવા જોઈએ.

**સંદર્ભ:**


1. District human development report
2. https://panchmahal.gujarat.gov.in/
3. https://en.wikipedia.org/wiki/panchmahal_district
4. https://knowindia.gov.in/hindi/states/Gujarat/
5. https://counterview.org/2013/06/04/social_and_economic_inequalities_in_gujarat/
6. https://counterview.org/2014/03/22/gujarat_perfomanc_in_inproding_human_development_in_12_below_natonal_average_says_updated_india_report/